ક્રમાંક:મઉમશબ/પરીક્ષા/માધ્યમિક/૨૦૨૩/૧૦૨૮૩-૩૨૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬/૦૭/૨૦૨૩

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,(તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- NCERT દ્વારા ઘટાડેલ અભ્યાસક્રમ સંદર્ભે ધો-૧૦ અને ધો-૧૨ ની માર્ચ-૨૦૨૪ ની બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર રીપીટર/ખાનગી/પૃથ્થક ઉમેદવારોની પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

સંદર્ભ:- (૧) ગુ.રા.શા.પા.પુ.મંડળ પત્ર ક્રમાંક: પપમ/વ.વિ/૨૦૨૩/૩૯૪૩-૪૭, તા.૦૩/૦૫/૨૦૨૩
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૩/૨૭૭૨-૨૮૦૮, તા.૨૧/૦૭/૨૦૨૩
(૩) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિનો ઠરાવ ક્રમાંક: ૧૩/૨૦૨૩તા.૨૬/૦૭/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ-(૧) થી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ માટે NCERT દ્વારા ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં કરેલ ઘટાડા સંદર્ભે ધોરણ-૯ થી ૧૨ના રદ કરેલ પાઠ/પ્રકરણની વિગતો મોકલવામાં આવેલ છે. જેના આધારે તજજ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરેલ નીચે દર્શાવેલ ધોરણ-૧૦ ધોરણ-૧૨ સા.પ્ર./વિ.પ્ર. ના ૧૪ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો અત્રેની કચેરીના સંદર્ભ (૨) દર્શિત પત્રથી જાણ તથા અમલ સારું મોકલવામાં આવેલ છે.

| ધોરણ-૧૦ | | ધોરણ-૧૨ (વિ.પ્ર.) | ધોરણ-૧૨ (સા.પ્ર.) |
|---|---|---|---|
| ક્રમ | વિષય | વિષય | વિષય |
| ૧ | ગણિત (સ્ટાન્ડર્ડ) (૧૨) | ગણિત (૦૫૦) | હિન્દી (F.L) (૦૦૨) |
| ૨ | ગણિત (બેઝિક) (૧૮) | રસાયણ વિજ્ઞાન (૦૫૨) | અંગ્રેજી (F.L) (૦૦૬) |
| ૩ | વિજ્ઞાન (૧૧) | ભૌતિક વિજ્ઞાન (૦૫૪) | - |
| ૪ | હિન્દી (F.L) (૦૨) | જીવવિજ્ઞાન (૦૫૬) | - |
| ૫ | અંગ્રેજી (F.L) (૦૪) | હિન્દી (F.L) (૦૦૨) | - |
| ૬ | ઉર્દૂ (F.L) (૦૫) | અંગ્રેજી (F.L) (૦૦૬) | - |

માર્ચ-૨૦૨૩ કે તે અગાઉના વર્ષોમાં લેવાયેલ બોર્ડની જાહેર પરીક્ષામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના ઉપરોક્ત ૧૪ વિષયોમાં અનુત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ/ઉમેદવારો તેમજ જુલાઈ-૨૦૨૩ કે તે અગાઉના વર્ષોમાં લેવાયેલ પૂરક પરીક્ષામાં ઉપરોક્ત વિષયોમાં અનુત્તીર્ણ થયેલ

વિદ્યાર્થીઓ/ઉમેદવારો કે જેઓ પુનરાવર્તિત (રીપીટર) વિદ્યાર્થી તરીકે માર્ચ ૨૦૨૪ ની બોર્ડની જાહેર પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થનાર છે તેવા વિદ્યાર્થીઓ/ઉમેદવારો તેમજ ખાનગી(નિયમિત/પુનરાવર્તિત) અને પૃથ્થક ઉમેદવારો માટે બોર્ડની પરીક્ષા સમિતિની તા.૨૬/૦૭/૨૦૨૩ ની બેઠકના ઠરાવ ક્રમાંકઃ ૧૩/૨૦૨૩ અન્વયે વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈને કરવામાં આવેલ નિર્ણય મુજબ બોર્ડના તા.૨૧/૦૭/૨૦૨૩ ના પત્રથી મોકલવામાં આવેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના ઉપરોક્ત ૧૪ વિષયોના NCERT દ્વારા ઘટાડેલ અભ્યાસક્રમ મુજબ તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્ર મુજબ માર્ચ-૨૦૨૪ ની બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પુનરાવર્તિત (રીપીટર) તેમજ ખાનગી(નિયમિત/પુનરાવર્તિત) અને પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે. આમ, માર્ચ-૨૦૨૪ માં લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષામાં નિયમિત, રીપીટર, ખાનગી(નિયમિત/પુનરાવર્તિત) અને પૃથ્થક ઉમેદવારો આ તમામ વિદ્યાર્થીઓ માટે તા.૨૧/૦૭/૨૦૨૩ ના બોર્ડના પત્રથી મોકલવામાં આવેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના ઉપરોક્ત ૧૪ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ કરવામાં આવશે.

ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ અને અમલ સારુ મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના:-

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, SSC) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ને જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.